શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત

સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

પરજીયા પ્રકાશ

લવાજમ દર છુટક કિંમત રૂા. ૧૦/- દેશમાં આજીવન રૂા. ૫૦૧/- વિદેશમાં આજીવન રૂા. ૫૦૦૧/-

PARAJIYA PRAKASH YEAR 54 ISSUE 08 August - 2014

વર્ષ ૫૪ અંક ૦૮ ઓગષ્ટ – ૨૦૧૪

સિલાઈ મશીન વિતરણ – જામનગર તા. ૨૭-૦૭-૨૦૧૪

શ્રી કલ્યાણજીભાઈ હરજીભાઈ ચલ્લા શ્રી શાંતાબેન કલ્યાણજીભાઈ ચલ્લા

"પરજીયા પ્રકાશ" આજીવન નિભાવ ફંડ યોજનાના મુખ્ય દાતા

આદ્ય તંત્રી :
દેવાયતભાઈ સોની
માનદ્ તંત્રી :
ધીરજલાલ જી. ધકાન

સંપાદક મંડળ
કાંતિલાલ એ. ઘઘડા
કનૈયાલાલ એમ. ઘઘડા
ધનસુખભાઈ બી. જગડા

સિલાઈ મશીન વિતરણ સમારોહ - જામનગર

તારીખ : ૨૭-૦૭-૨૦૧૪

મહેમાનોનું સન્માન

શ્રી નગીનભાઈ જગડાનું
સન્માન
શ્રી નરેન્દ્રભાઈ ઘકાણ

શ્રી હિમાંશુભાઈ જગડાનું
સન્માન
શ્રી દિવ્યેશભાઈ વાયા

શ્રી ભરતભાઈ ઘઘડાનું
સન્માન
શ્રી ઘનસુખભાઈ જગડા

શ્રી હસમુખભાઈ સાગરનું
સન્માન
શ્રી હરિભાઈ ઘઘડા

શ્રી અશ્વિનભાઈ વાયાનું
સન્માન
શ્રી વિનોદભાઈ ઘઘડા

શ્રીમતી મંજુલાબેન જગડા
સન્માન
શ્રીમતી પુષ્પાબેન ઘઘડા

શ્રીમતી વાસંતીબેન પટણી
સન્માન
શ્રીમતી હર્ષાબેન ઘઘડા

શ્રીમતી ભાવનાબેન જગડાનું
સન્માન
શ્રીમતી બીનાબેન થડેશ્વર

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત

સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

પરજીયા પ્રકાશ

વર્ષ - ૫૪

તંત્રી સ્થાનેથી...

અંક - ૦૮

સભ્યતા અને સંસ્કૃતિના સમ્યક્ પ્રસાર તથા વિકાસ અને વૈયક્તિક, સામાજિક અને રાષ્ટ્રીય પ્રગતિને માટે શિક્ષણ નિતાંત્ આવશ્યક છે. માનવ જીવનનું ઉચ્ચતમ ધ્યેય ઈહલૌકિક ભૌતિક ઉન્નતિની સાથે સાથે જગત અને જીવનના કોયડાઓ ઉકેલવાનું અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું છે. પ્રાચીન ભારતીય મનીષીઓએ આ તથ્ય સારી રીતે હૃદયસ્થ કર્યું હતું અને તેથી જ દૂરના ભૂતકાળમાં પણ શિક્ષણની સુંદર વ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન શિક્ષણ-પ્રણાલીની ઉપાદેયતાને કારણે જ ભારતનું સમસ્ત પ્રાચીન તથા વિશાળ વાઙ્મય આટલું સુરક્ષિત અને સમૃદ્ધ બની ટકી શકયું તથા ભારતીય માનવ સુસંસ્કૃત બની શકયો.

પાણિનિએ શિક્ષણની આપેલી વ્યુત્પત્તિ- "शिक्ष्यते विद्योपादीयतेऽनया इति शिक्षा" - મળતા અર્થ અનુસાર જગતની કોઈપણ વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું સાધન / શિક્ષણ છે. વિદ્યા પ્રાપ્ત કરાવવામાં જ અવિદ્યાનું નિરાકરણ કરવાનું અંતર્નિહિત છે. અવિદ્યાથી ઉત્પન્ન થયેલ અને સઘળી પતનોન્મુખ વિઘાતક પ્રવૃત્તિઓથી બચાવીને વિદ્યાજનિત સમસ્ત ઊર્ધ્વગામી પ્રવૃત્તિઓ તરફ લઈ જનાર ચિરકાલિક સત્ર જ વિદ્યા નામથી ઓળખાય છે. શિક્ષણ દ્વારા જ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનું આંતરિક સહજ મૌલિક સ્વરૂપ પ્રગટ થઈ શકે છે. જેવી રીતે ખાણના ઊંડાણમાંથી નીકળેલો ખનિજ હીરો સાફસુફ થઈ, પાસાંવાળો બનવાથી જ પ્રકાશોજજવલ બહુમૂલ્ય હીરા તરીકે જગતમાં સ્થાન-માન પામે છે, તેવી જ રીતે જડ અને અજ્ઞાની માનવ પણ શિક્ષણથી જ પરિષ્કૃત અને સુસંસ્કૃત થઈને સમ્માનનીય બને છે. સંક્ષેપમાં કહીએ તો, શિક્ષણ થકી જ માનવીમાં માનવતાનો ગુણ વિકસે છે,

મનુષ્યજીવનમાં શિક્ષણનું સર્વાધિક મહત્ત્વ છે. પ્રાચીન યુગમાં જયારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર-એમ ચાર જ વર્ણો હતા ત્યારે શુદ્રને બાદ કરતાં બાકીના ત્રણે વર્ણો માટે શિક્ષણ પરમ આવશ્યક હતું. એનો એક અર્થ એવો પણ થતો કે આ ત્રણ વર્ણોમાંથી જે શિક્ષણ ન લે તે શુદ્ર સમાન ગણાતા - એટલું જ નહીં, પણ એક સુભાષિતમાં તો એમ પણ કહ્યું છે કે -

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ।।

અર્થાત જેણે પોતાના સંતાનને ભણાવ્યું નથી તેવી માતા બાળકની શત્રુ છે અને પિતા તેનો વેરી છે. હંસોનો સમુહમાં જેમ બગલો શોભતો નથી તેમ શિક્ષિતોની સભામાં આવો અભણ માણસ શોભતો નથી.

આજે શિક્ષણને કમાવા માટેના એક સાધન તરીકે જ જોવામાં આવે છે. આ દૃષ્ટિ અને સમજ હવે બદલવાની ખુબ જ જરૂર છે. ધનોપાર્જન તો શિક્ષણની આડપેદાશ (Bye Product) છે. વસ્તુતઃ શિક્ષણના હેતુઓ જુદા જ છે, જે એક સ્વતંત્ર નિબંધનો વિષય બને છે : પરંતુ સંક્ષેપમાં કહું તો શિક્ષણ દ્વારા ચરિત્રનિર્માણ, વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ, કર્તવ્યભાવના જાગ્રત કરવી, કઠિનમાં કઠિન ઉત્તરદાયિત્વની ક્ષમતા પ્રાપ્ત કરવી તથા માનવતાની કેડી કંડારવી ઈત્યાદિ ગુણો પ્રગટાવવાનો છે.

તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે આવા પ્રસંગોએ શિક્ષણની મહત્તા અને આવશ્યકતા વિશે તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ - અંતમાં, 'ઈશાવાસ્ય ઉપનિષદ'માં કહ્યું છે તેમ विद्ययाऽमृतमश्नुते - અમરતા અર્થાત્ મોક્ષ વિદ્યાર્થી પ્રાપ્ત થઈ શકે છે.

- ધીરજ ધકાન - માનદ્ તંત્રી

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર સંચાલિત કોર્પસ ફંડો

"પરજીયા પ્રકાશ" નિભાવ ફંડ

શુભેચ્છક દાતા

શ્રી રતિલાલ બાઉભાઈ રાઠોડ પરિવાર (ઉનાવાળા) હાલ યુ.એ.ઈ.

આર્થિક સહાય અને કેળવણી કોર્પસ ફંડ

મુખ્ય દાતાશ્રી

શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી
શ્રી ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી
શ્રી ભીમજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી
હસ્તે : શ્રી જીવનલાલ ઓધવજીભાઈ વાયા - નાઈરોબી

આશ્રય દાતાશ્રી

સ્વ. શ્રી કાનજીભાઈ રાગછોડભાઈ ઘઘડા અને સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ ઘઘડા
હસ્તે : શ્રી નટવરલાલ કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ
શ્રી અશ્વિનકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ
શ્રી મનોજકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

સ્વ. શ્રી નંદલાલભાઈ ઘઘડા અને સ્વ. ઉજમબેન નંદલાલ ઘઘડા
હસ્તે : શ્રી છગનલાલ નંદલાલ ઘઘડા (અમરવાળા) શારજાહ

શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા "મેડીકલ સહાય ફંડ"

મુખ્ય દાતાશ્રી

શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ
શ્રીમતી જ્યોત્સનાબેન મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ
શ્રી ભાસ્કરભાઈ મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ
શ્રીમતી રક્ષાબેન ભાસ્કરભાઈ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

પ્રમુખ દાતા

(૧) શ્રી કાંતિલાલ રાણછોડદાસ સતિકુંવર તથા શ્રીમતિ ધીરજબેન કાંતિલાલ સતિકુંવર
એડનવાળા (હા. લંડન) તથા તેમની સુપુત્રીઓ
જ્યોત્સનાબેન (શ્રીલેખાબેન) કે. સોની તથા બીનાબેન કે. સોની

જ્યોત્સનાબેન
(શ્રીલેખાબેન) કે.સોની

બીનાબેન
કે. સોની

(૨) ગં. સ્વ. વિજયાબેન નાથાલાલ જીવાભાઈ સાગર – મુંબઈ

હા. શ્રી બીપીનભાઈ નાથાલાલ સાગર
તથા
શ્રી પ્રદિપભાઈ નાથાલાલ સાગર

આશ્રય દાતા

સ્વ. દુધીબેન દામજીભાઈ દેવજીભાઈ વાયા - નાઈરોબી
હસ્તે : શ્રી કાનજીભાઈ દામજીભાઈ વાયા - નાઈરોબી

સંપર્ક સેતુ : શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ - જામનગર
નો આપ E-mail થી પણ સંપર્ક કરી શકો છો.
સંસ્થાનું ઈ-મેઈલ એડ્રેસ : parajiyaprakash@yahoo.co.in છે.

શ્રી અખિલ ભારતીય પરજીયા સોની જ્ઞાતિ ફેડરેશન જામનગર
નો આપ E-mail થી પણ સંપર્ક કરી શકો છો.
સંસ્થાનું ઈ-મેઈલ એડ્રેસ : sonifederation@gmail.com છે.

સહાયક દાતા

૧) સ્વ.શ્રી પ્રાગજીભાઈ કલ્યાણજીભાઈ ધાનક તથા ગં.સ્વ. કંચનબેન પ્રાગજીભાઈ ધાનક લેસ્ટર (યુ.કે.)
૨) સ્વ.શ્રી જગજીવનભાઈ જેરામભાઈ ઘઘડા તથા
સ્વ. વિલાસબેન ચંદ્રકાન્ત જગજીવનભાઈ ઘઘડા ભાણવડવાળા (હાલ લંડન)
૩) સ્વ. દયાળજીભાણ દેવરાજભાઈ ઘઘડા (વેરાડવાળા) ના પુણ્ય સ્મરણાર્થે
હ. શ્રી જયંતીલાલ (લંડન), શ્રી કિશોરચંદ્ર (રાજકોટ), શ્રી મહેન્દ્રકુમાર (જામનગર), શ્રી વિનોદરાય (જામનગર)
૪) સ્વ. શ્રી વિરજીભાઈ જેરામભાઈ ઘઘડા પરિવાર
હસ્તે : શ્રી કાલિદાસ વીરજીભાઈ ઘઘડા (નાગેશ્વરવાળા) મુંબઈ/શ્રી ભગવાનજી મોરારજી ઘઘડા (ટુપણીવાળા) દ્વારકા
૫) સ્વ. દામજીભાઈ તુલસીદાસ થરેશ્વર તથા સ્વ. મુક્તાબેન દામજીભાઈ થરેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ દામજીભાઈ થરેશ્વર - મુંબઈ તથા શ્રી યશવંતભાઈ દામજીભાઈ થરેશ્વર - મુંબઈ
૬) સ્વ. ભગવાનજીભાઈ તુલસીદાસ થરેશ્વર તથા સ્વ. કાંતાબેન ભગવાનજીભાઈ થરેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ થરેશ્વર (પટ્ટણી) - લંડન
૭) ગં.સ્વ. શાંતાબેન ભગવાનજીભાઈ સાગર (નાંદરખી) હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ ભગવાનજીભાઈ સાગર - લંડન
૮) શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

શુભેચ્છક દાતા

૧) શ્રી રમણીકલાલ ગોરધનદાસ વાયા - રાણાવાવ
૨) શ્રી ખીમજીભાઈ ઠાકરશીભાઈ ધાનકના સ્મરણાર્થે
હસ્તે : હસમુખભાઈ ખીમજીભાઈ ધાનક - જામખંભાળીયા (કુવૈત)
૩) શ્રી પ્રભુદાસ લખુભાઈ ચોકસી - વેરાવળ (શારજાહ)
૪) સ્વ.શ્રી મોહનલાલ નથુભાઈ પટ્ટણી તથા સ્વ. શ્રી કંચનબેન મોહનલાલ પટ્ટણી (લેસ્ટર - યુ.કે.)
૫) સ્વ. વૃજલાલ નાથાલાલ વાયા તથા સ્વ. કાંતાબેન વૃજલાલ વાયાના સ્મરણાર્થે
હસ્તે : શ્રી યોગેશ વૃજલાલ વાયા - જામનગર તથા શ્રી દિપક વૃજલાલ વાયા - રાજકોટ
૬) સ્વ. શ્રી ગોકુલદાસ જમનાદાસ સુરૂ (દાઠાવાળા) મુંબઈ
હસ્તે : ગં. સ્વ. શાંતાબેન ગોકુલદાસ સુરૂ તથા શ્રી અશોકકુમાર ગોકુલદાસ સુરૂ, શ્રી પરેશકુમાર ગોકુલદાસ સુરૂ
૭) સ્વ. અમૃતલાલ વલ્લભદાસ વાયા - દુબઈ (ભીડાવાળા)
હ. શ્રી મનોજભાઈ, શ્રી મુકુન્દભાઈ, શ્રી ચેતનભાઈ, શ્રી ભાવેશભાઈ
૮) શ્રી હેમરાજભાઈ દેવકરણભાઈ વાયા (વિંઝલપર વાળા) ક્લબા - શારજાહ
૯) શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)
હસ્તે : શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા તથા શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા
૧૦) શ્રીમતિ લાભુબેન નાથાલાલભાઈ ઘઘડા લ લંડન (દ્વારકાવાળા)
૧૧) સ્વ. મગનલાલ ઓધવજીભાઈ વાયા - નાંદુરી (જામનગર)
૧૨) સ્વ. મગનલાલ મેઘજી ધ્રાણક અને સ્વ. માણીબેન મગનલાલ ધ્રાણક - જેતપુર
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મગનલાલ ધ્રાણક - લંડન

કન્યા કેળવણીના ફંડના મુખ્ય દાતા

સ્વ. કેશવલાલ મામૈયાભાઈ ચલ્લા તથા સ્વ. જમનાબેન કેશવલાલ ચલ્લા (સરસીયાવાળા)

કન્યા કેળવણીના શુભેચ્છક દાતા

શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

ગુરુમાહાત્મ્ય

- પ્રિન્સીપાલ શ્રી ધીરજ ધકાન

ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોમાં ગુરુ એક પાયાનું તત્ત્વ છે. અને ભારતીય વિદ્યાઓની શિક્ષણ-પરંપરામાં ગુરુના સ્થાનનું મહત્ત્વ લોકવિદિત છે. શાસ્ત્રો સમજાવે છે કે સઘળી વિદ્યાઓનું શિક્ષણ ગુરુ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. એ શિક્ષણ અપરા કે પરા વિદ્યાઓનું હોય, વેદ-વેદાંતનું હોય, કર્મ, જ્ઞાન કે ભક્તિનું હોય કે યોગવિદ્યાનું હોય, ગુરુ તેમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. પરા વિદ્યામાં પ્રવેશ તો અનુભવી ગુરુ જ કરાવી શકે અને તેમાં પ્રગતિ સાધવા માર્ગદર્શન પણ ગુરુ જ આપી શકે, કારણ કે ગુરુ જીવાત્મા અને પરમાત્મા વચ્ચે સેતુરૂપ છે, તેથી જ ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂજનનો મહિમા દર્શાવતો એક દિવસ - ગુરુપૂર્ણિમા તરીકે ઉજવાય છે.

ગુરુ વ્યક્તિ, દેવતા કે તત્ત્વ પણ હોઈ શકે છે. શ્રદ્ધાશીલ લોકોના મુખે વસેલા 'ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ' વાળા શ્લોકમાં આ વિચારની અભિવ્યક્તિ સ્પષ્ટ જોઈ શકાય છે. સ્વામી મુક્તાનંદે 'ચિત્શક્તિવિલાસ'માં સમજાવ્યું છે કે -

"જે ગુરુ છે તે જ શિવ છે, જે શિવ છે તેમને જ ગુરુ જાણવા;
ગુરુ અને શિવ બંને વચ્ચે ભેદ નથી."

ગુરુ ભક્તિ શ્રદ્ધા અને વિશ્વાસયુકત હોવી જોઈએ એ વાતની પ્રતીતિ 'ગુરુગીતા'નો આ શ્લોક કરાવી જાય છે -

ध्यानमूलं गुरोः मूर्तिं पूजामूलं गुरोः पदम्।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा ।।

શ્રદ્ધાવાન વ્યક્તિને વિદ્યાની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે, અશ્રદ્ધાવાનને વિદ્યા કદાપિ ફળતી નથી. 'ગુરુગીતા' ગુરુપૂજાને જ સર્વોપરિ મહાપૂજા બતાવતાં કહે છે, "ગુરુ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવમય આખું જગત છે. ગુરુથી અન્ય કશું નથી, તેથી ગુરુની સન્માન સહિત પૂજા કરવી જોઈએ."

ગુરુનું માહાત્મ્ય દર્શાવતાં (હઠયોગના ગ્રંથ) 'શિવસંહિતા' માં કહ્યું છે, "ગુરુ જ પિતા છે, ગુરુ જ માતા છે અને ગુરુ જ દેવતા છે, એમાં સંશય નથી. તેથી કર્મ, મન અને વાણીથી ગુરુની સારી રીતે સેવા કરવી જોઈએ, કારણ કે ગુરુની કૃપા (પ્રસન્નતા)થી આત્માનું સર્વ પ્રકારે શુભ થાય છે. તેથી નિત્ય તત્પરતાથી ગુરુની સેવા કરવી જોઈએ, અન્ય રીતે (અશ્રદ્ધાથી) કરેલી ગુરુ સેવા ક્યારેય શુભ બનતી નથી,"

વિદ્યા ગુરુ મુખી જ હોય, ગુરુ મુખેથી સાંભળેલી વિદ્યા અવશ્ય વીર્યવતી હોય છે. ગુરુ મુખેથી સાંભળ્યા-સમજ્યા વિના તેનો ઉપયોગ કરવામાં આવે તો તે ફળવતી બનતી નથી, એટલું જ નહિ, તે નિર્વીર્યા અને અત્યંત દુઃખદાયક પણ બને છે, ગુરુને સર્વ રીતે સંતોષી વિદ્યા પ્રાપ્ત કરવામાં આવે તો તે વિદ્યા જલદી ફળે છે, અર્થાત્ ગુરુ પ્રસન્ન થઈને વિદ્યાનું બધું રહસ્ય શિષ્યને બતાવે તો તેની સફળતામાં વિલંબ થતો નથી.

ભવનિધિ પાર કરવો એ સૌનું લક્ષ્ય છે, તે સિદ્ધ કરવા ગુરુ જ એકમાત્ર શરણ છે, સંત કબીર તો એટલે સુધી કહે છે કે -

કબીરા તે નર અંધ હૈ ગુરુ કો કહતે ઓર,
હરિ રુઠે ગુરુ શરણ હૈ ગુરુ રુઠે નહિ ઠોર.

સંક્ષેપમાં કહીએ તો, સદ્ગુરુ જ સર્વ જ્ઞાન અને બ્રહ્મજ્ઞાન આપતા હોવાથી સર્વપ્રથમ નમસ્કારને યોગ્ય છે.

यस्य स्मृतिमात्रेण तरन्ति भवसागरम्।
तान् नतोऽस्मि गुरून् भक्त्या धिया वाचा च कर्मणा ।।

"જેમના સ્મરણમાત્ર વડે મુમુક્ષુઓ ભવસાગરને તરે છે તે અંતરાત્મારૂપ શ્રી સદ્ગુરુને મન, બુદ્ધિ, વાણી અને કર્મ વડે, ભક્તિથી નમેલો છું."

॥ શ્રી ગણેશાય નમઃ ॥

''મન નું મધુવન''

આજે જો તમારા હાથમાં ''પરજીયા પ્રકાશ''નો અંક આવ્યો હશે અને જો ૧૭ મી તારીખ હશે તોતો તમે પરમ ભાગ્યશાળી કહેવાવ કારણ કે કહેવાની જરૂર નથી ''જન્માષ્ટમી''નો તહેવાર જ એમ છે કે સમગ્ર ભારતવર્ષને ગોકુળીયુ ગામ બનાવી દયે, તમામે તમામ હિન્દુઓના હૃદયને મનમાં ને રોમે રોમમાં હરખની હેલી ઉભરે.

નાનામોટા, ગરીબ તવંગર, બાળકો, યુવાનો, વૃધ્ધો, સ્ત્રી કે પુરૂષો દરેક મજુર હોય કે નોકરીયાત, દુકાનદાર હોય કે ફેકટરીનો માલીક શ્રી કૃષ્ણ ભગવાન નો હેપી બર્થ ડે ઉજવવા સૌ કોઈ આતુર હોય છે.

જોકે કંસમામાને માસી પુતનાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ હોઈ તેને તો પરસેવો વળી ગયો હશે.

કાનુડોતો ભાઈ કાનુડો જ છે, જગતગુરૂ, જગતપિતા, દરેકનો લાલો પણ એજ ને ઠાકોરજી પણ એજ, ગુરૂપણ એજ ને સખા પણ એજ, આખાવિશ્વમાં સૂક્ષ્મજીવોથી માંડીને મોટા જાનવર સુધી જીવમાત્રને હવા, પાણી, પ્રકાશ ને તેજ પુરૂં પાડનાર મોટામાં મોટો ભંડારી છે.

હીરા, મોતી ને જવેરાત પોતાની ફેકટરીમાં ઉત્પાદન કરીને માનવીને ''ફ્રી''માં આપનાર મોટામાં મોટો ''જવેલર્સ'' પણ એજ છે.

તમામ જાતની કલાને જાણકાર કલાકાર ને દરેક જાતના કિરદાર ભજવતો એકટર પણ એજ ને ધર્મની ગેડી વડે અધર્મના દડાને ફટકારતો, દુનિયાભરની રમતોનો જાણકાર મોટો પ્લેયર, આપણને જીંદગીની હારજીત નું જુગટું રમાડતો ગેમ્બલર પણ જરૂરપડયે રણ મેદાન છોડીને નાશી જવાની શીખ આપતો રણછોડ ત્યાગ અને વૈરાગ્યની શીખ પણ આપે છે.

દુનિયાભરના સાહિત્યકારો નો મનગમતો વિષય એટલે શ્રી કૃષ્ણનું જીવન ચરિત્ર કવિઓની કલ્પનાનું મોટામાં મોટું પાત્રને ગઝલ, કવિતા, છંદ, સાખી, ઠુમરી, ભજન, પણ તેના વગર અધુરા જેમકે ''શ્રાવણ વદ આઠમની રાત સોહામણી..... સોહામણી..... હો રીમઝીમ બરસે મેહુલીયા..... રૈન બરસાયે કાના મેરે ઘર આયે..... આયે..... મેરે ઘર આયે.....''

આવીતો દરેક ભાષામાં હજારોની સંખ્યામાં રચાણી છે, અને પાછી એ બધી રચનાની પ્રેરણા કરનાર મોટો ગીતકાર અને પ્લેબેકસીંગર કે મ્યુઝીક ડાયરેકટર પણ એજ છે. તો પછી મારા આ લેખનો પ્રેરણાસ્ત્રોત પણ એજ છે તેનો હુકમ થશે ત્યારે જ મારી કલમ અટકશે (તંત્રીશ્રી માફકરે) આપણી કથા પણ પર કથા લખનાર પોતાના સુપર કોમ્પ્યુટરમાં બધા જીવોની ડેટાએન્ટ્રી અપડેટ રાખનાર, ને આપણી જન્મકુંડલીમાં બધા ગ્રહોનો સોફ્ટવેર તૈયાર કરનાર મોટો એસ્ટ્રોલોજીસ્ટ અને એન્જીનીયર તો આખા બ્રહ્માંડમાં એક જ છે. અને તેણે નાખેલો પાસવર્ડ ખોલવાની કોઈપણ હેકર્સની ત્રેવડ બહારની વાત છે. સિવાયકે તેના સાચાભકતો નરસૈયા જેવા જ તેને ઓળખી શકે અણું, પરમાણું ને સુક્ષ્મ કવાર્ક પાર્ટીકલમાં મોજુદ હોવા છતાં અને આપણા રોમરોમમાં વસતો હોવા છતાં આપણે તેને શોધવા મંદિરોમાં આંટાફેરા કરીએ છીએ.

ભગવાન શ્રી કૃષ્ણએ આપણને જીવન જીવવાની તમામ ફીલોસોફી, અને તમામ સમસ્યાઓનો ઉકેલ પોતાના ''ગીતાસંદેશ''માં આપેલ છે. એ વાત તો મોટી વિજ્ઞાનશાળા ''નાસા''ના વૈજ્ઞાનિકોએ કબુલ કરેલ છે. છતાં પુરેપુરી ગીતાજીનું વાંચન કરનાર કે તેમાનું માત્ર ૧૦ ટકાજ પોતાના જીવનમાં ઉતારનાર આપણામાંથી કેટલાં હશે તે મોટો પ્રશ્ન છે. ગીતામાં કર્મ,જ્ઞાન અને ભકિત ના ત્રણ શબ્દોમાં જ આખી જીંદગીનો સારાંશ છે, પણ જયાં સુધી તેનું વાંચન કરેલ નથી ત્યાં સુધી આપણા ''મનના મધુવન''માં હોલ્ટ કર્યા વગર રાજધાની એકસપ્રેસની જેમ પસાર થઈ જાય છે, અને જીંદગીનું સ્ટેશન છુટીજાય છે એટલે મુંબઈ જેવા

મહાનગરમાં આપણે ઉતરીને ભુલાપડી જઈએ છીએ.

આજે રાત્રે ૧૨ વાગ્યે (મધ્યરાત્રીએ) આપણે બધાં લાલાના જન્મની વધામણી કરવા કહો કે દર્શન કરવા મંદીરોમાં ભીડભાડ ને ધક્કામુક્કી કરશું, પણ ખરેખર આપણે દર્શન કરવા જ જઈએ છીએ, અંતરઆત્માને પૂછ્યું છે કદી? તો જવાબ મળશે ના ! કારણ કે આપણે માત્ર દર્શન કરવાની નહીં, આપણી ડીમાન્ડોનું લીસ્ટ લઈને જતા હોઈએ અને એના દર્શન કરવાની આપણી કેપેસીટી પણ નથી આપણે તો માત્ર ઝાંખી કરી શકીએ.
(હું તો આઠે સમા કેરી ઝાંખી કરું)

આપણે જ્યારે ''સ્વ''ને ભૂલી જઈએ, આપણું અને આસપાસની દૂનિયાનું અસ્તિત્વ ભૂલી જઈએ, રોમ રોમમાં ઝણઝણાટી થાય, આંખોમાંથી શ્રાવણ ભાદરવો વહેતા હોય, આપણને માત્ર આપણો શ્રી હરી સિવાય કોઈ નજર ના આવે, અંતર ચક્ષુમાં દિવ્ય તેજ પુંજ દેખાય ત્યારે માનવું કે આપણે કાંઈક દર્શન કરી શક્યા.

કૃષ્ણના જીવન ચરિત્રના એક એક તબક્કાનું એક એક આખું પુસ્તક લખી શકાય એના વિશે જેટલું લખીએ એટલું ઓછું જ પડે.

જશોદા મૈયાને મુખમાં આખા બ્રહ્માંડના દર્શન કરાવતો બાલકનૈયો, પાછો હેરાન પણ બહુ કરતો અને ''મૈયામોરી મૈં નહીં માખન ખાયો'' એવું ખોટું બોલી નાખતો ગોપીઓની મટકી ફોડવી માખણ ખાઈજવું ને પાછી રાસલીલા પણ એની સાથે જ રમવાની, બંસરી વગાડીને તેને ભાન ભુલાવી દેતો કનૈયો પાછો ગોવાળો સાથે ગેડીદડેરમે, કાળીનાગનાથ, ગાયો ચરાવે આવા તો અનેક પરાક્રમો કરે.

સુદામાનો બાલસખો, મીરાંનો ગીરધર ગોપાલ, નરસૈંયાનો શામળીયો, અર્જુનનો સારથિ સત્યભામા ના સ્વામી, પ્રેમદિવાની રાધાનો શ્યામ, વિદુરજીની ભાજી આરોગનારો, ડાકોરનો રણછોડરાય, દ્વારકા ને કર્મ ભુમિ બનાવનાર કર્મયોગી, શામબાજીનો શામળીયો, દરરોજ મણ મોઢે કેસરથી સ્નાન કરતો કેસરીયાજી, ભકતબોડાણાનો વિઠલો, સ્વાધ્યાય પંથી નો યોગેશ્વર, નાથદ્વારાનો શ્રીનાથજી, વૈશ્ણવોનો ઠાકોરજી, હરી, વિઠલ, માધવ, મોહન, નરશી, આવા તો અનેક નામ ધરાવતો (હજી ૧૦૦૦ નામ તો સહસ્ત્રાવલીના અલગ જ) આપણા જેવા સંસારમાં ગડાડુબ તો કેટલાંય નામો ભુલી જઈએ.

મેંનિજાનંદ માટે લખેલા કૃષ્ણ ના પુસ્તકમાંથી અમુક અંશોજ હજુ ફેરફાર કરીને લખેલ છે છતાં આટલું બધું લખાઈ ગયું માટે ટુંકમાં આજના પાવનકારી દિવસે દુનિયાદારી ભૂલીજઈને જો થોડું ઘણું પણ આત્મચિંતન કરીને કૃષ્ણમય બની જઈએ અને શ્રી કૃષ્ણના જન્મ દિવસ ને હર્ષ ઉલ્લાસથી ભરી, અબીલ ગુલાબની છોળોઉડાડી, નાચતા, ગાતા, ગગનભેદીનાદ કરીએ ''નંદઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી''

– કે.જે.ધાનક – જામનગર

સુધારો

ગયા જુલાઈ માસના અંકમાં ''તુલસી કયારાના દીવા'' કે જે શ્રી મનસુખભાઈ ચલ્લાના પુસ્તક વિશેનો રીવ્યુ ''કુલછાબ''માં શ્રી મનોજભાઈ જોષી દ્વારા લખાયેલો તે એ પરજીયા પ્રકાશ ના અંકમાં શ્રી મનોજભાઈ જોષીનું નામ પ્રીન્ટીંગ ક્ષતિને કારણે ચુકાયેલ છે તો સંપાદક મંડળ ક્ષમા પ્રાર્થે છે.

– સંપાદક મંડળ

કોઈનો વર્તમાન સમય જોઈને તેના ભવિષ્યની હાંસી ન ઉડાવો,
સમય પાસે એવી તાકાત છે કે કોલસાને પણ હીરા બનાવી શકે છે.

જામનગર સંસ્થામાં સિલાઈ મશીન વિતરણ સમારોહ

તા. ૨૭-૦૭-૨૦૧૪ ને રવિવાર અને પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે સામાજીક કલ્યાણના ભાગરૂપે જ્ઞાતિની જરૂરિયાતમંદ બહેનોને સ્વરોજગાર અને નિર્ભરતા માટે ૧૦ સિલાઈ મશીન-સંચાનું વિતરણ કરવાનો કાર્યક્રમ ખૂબજ આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઈ ગયો.

શ્રી નગીનભાઈ જગડા - રાજકોટ આ કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા અને આ ૧૦ સિલાઈ મશીન દાતાશ્રી ગિરધરલાલ વલ્લભદાસ પ્રેમજી ઘઘડા મુળ જામ ગઢકાવાળા હાલ અમેરિકા તરફથી મેળવી જામનગર પહોંચાડવાની સંપૂર્ણ જવાબદારી અદા કરી હતી, માત્ર ૧૫/૨૦ દિવસના ટુંકા જ સમયમાં જ્ઞાતિની બહેનોની અરજી મંગાવી પ્રોસેસ કરી તાત્કાલિક કાર્યક્રમ ઘડવામાં આવ્યો છતાં બહુ જ વ્યવસ્થિત રીતે કાર્યક્રમ સંપન્ન થયો હતો. જામનગર/દ્વારકા જીલ્લાના એટલે કે હાલારના લાભાર્થીઓને આ સ્કીમનો લાભ મળે એ માટે ભાણવડ, જામજોધપુર, જામ-ખંભાળીયા અને જામનગર સીટીના બહેનોને આ સંચા વિતરણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં જામનગર સંસ્થાની પ્રથમ મુલાકાત લેતાં શ્રી નગીનભાઈ જગડાનું ફુલહારથી સ્વાગત સંસ્થાના ઉપપ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ઘકાણે કરેલ અને આ પ્રસંગે દાતાશ્રી ગિરધરભાઈની ઈચ્છા મુજબ જામ-ગઢકાના તેમના પરિવારના શ્રી ભરતભાઈ ઘઘડા, જામ-ખંભાળીયા વાડીના પ્રમુખશ્રી હસુભાઈ સાગર, વાયા દેવ મંદિરના ટ્રસ્ટીશ્રી અશ્વીનભાઈ વાયા વિગેરેનું પણ ફુલ હારથી સ્વાગત કરવામાં આવ્યું, શ્રી નગીભાઈ જગડાના ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેન, બેન વાસંતીબેન પટણી અને ભાવનાબેન અને હિમાંશુભાઈ જગડા વિગેરેનું પણ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી કાંતિભાઈ ઘઘડાએ મહેમાનો, લાભાર્થીઓ અને જ્ઞાતિજનોને સંસ્થામાં આવકાર્યા હતા અને સંસ્થાની પ્રવૃતિ વિશે ખ્યાલ આપ્યો હતો.

દરેક લાભાર્થી બેનોને સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક સંચા પર દાતાશ્રીના પરિવારના સભ્યોની સ્મૃતિ રૂપે સ્ટીકર લગાવવામાં આવેલ હતા જે ખુબ જ સુંદર લાગતાં હતા. શ્રી નગીનભાઈ જગડા તરફથી દરેક લાભાર્થી બેનોને એક-એક સાડી ભેટ આપવામાં આવી હતી.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી નગીનભાઈ જગડાએ એ વાત પર ખાસ ભાર મુકયો કે દાતાએ જે હેતુ અને ભાવનાથી આવી સુંદર વસ્તુનું દાન આપ્યું છે તેને યથાર્થ ઠેરવવા દરેક લાભાર્થી બેન સંચાનો ખરો ઉપયોગ કરે અને પોતાના જીવનમાં આ વસ્તુથી શું બદલાવ આવ્યો છે એનો રીપોર્ટ બે ત્રણ માસ બાદ સંસ્થાને કરે તો ખુબ જ સારી વાત ગણાશે.

પ્રાસંગિક પ્રવચનમાં મહિલા મંડળના શ્રી પુષ્પાબેન ઘઘડા, શ્રી દક્ષાબેન જગડાએ પણ બહેનોને સંચાના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આજના આ કાર્યક્રમમાં જામનગર સંસ્થાના કારોકારી સભ્યો, યુવાગૃપના સભ્યો અને મહિલા મંડળના સભ્યોએ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રાવણ માસ હોવાથી ફરાળી પેટીસ, વેફર, પેંડા અને કોલ્ડ્રીંકને સૌએ ન્યાય આપ્યો હતો.

શ્રી નગીનભાઈ જગડાનું સામાજીક કલ્યાણ માટે ખુબ જ મોટું કાર્ય રાજકોટ અને અન્ય ગામોમાં ફેલાયેલું છે અને આ કાર્યની નોંધ લઈ શ્રી દીપચંદ ગાર્ડી એવોર્ડ તેમને આપવામાં આવ્યો છે એ બદલ આપણે સૌ તેમનું ગૌરવ અનુભવીએ છીએ અને દરેક કાર્યમાં તેમની સુઝબુઝથી યોગ્ય રીતે દરેક પ્રોજેકટ મેનેજ કરે છે. શ્રી નગીનભાઈ જગડાએ જામનગર સંસ્થાના બિલ્ડીંગ-હોલ વિગેરેનું નિરિક્ષણ કરી ખુશ થયા હતા.

આભાર પ્રવચન કરતાં ભુતપૂર્વ ફેડરેશન પ્રમુખશ્રી ધીરૂભાઈ ઘકાણે જણાવ્યું કે

માનવીના પૃથ્વી પરના જન્મ લીધા પછીના સમાજ પ્રત્યેના કર્તવ્ય હોય છે જે આજના કાર્યક્રમમાં દેખાય છે અને શ્રી નગીનભાઈ જગઠાએ આ પ્રોજેકટ કરી જામનગર જીલ્લાને લાભ આપ્યો છે અને દાતાશ્રી ગિરધરભાઈ ઘઘડાએ દાન આપ્યું છે એના અમે જામનગર જ્ઞાતિ/સંસ્થા સૌવતી આભારી છીએ.

આભાર વિધિ બાદ સૌ એકબીજા સાથે હળી મળી પરિચય મેળવી સેવાના ભાવ સાથે છુટા પડયા હતા.

- કાંતિભાઈ ઘઘડા

પ્રેરણા દાયક દાન

શ્રી ગિરધરલાલ વલ્લભદાસ પ્રેમજી ઘઘડા મુળ જામગઢકા વાળા હાલ અમેરિકા તરફથી ૧૦ સંચાનું દાન તેમના સ્વજનોની સ્મૃતિમાં મળેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) પિતાશ્રી વલ્લભદાસ પ્રેમજીભાઈ ઘઘડાની સ્મૃતિમાં બે સંચાની સપ્રેમ ભેટ.
(૨) માતુશ્રી કસ્તુરબેન ચલ્લાની સ્મૃતિમાં બે સંચા સપ્રેમ ભેટ.
(૩) ભાઈશ્રી છગનલાલ પ્રેમજીભાઈ ઘઘડા ઓકલેન્ડ - ન્યુઝીલેન્ડની સ્મૃતિમાં બે સંચા સપ્રેમ ભેટ.
(૪) બેન શ્રી પ્રભાબેન - અમેરિકાની સ્મૃતિમાં બે સંચા સપ્રેમ ભેટ.
(૫) બેન શ્રી નર્મદાબેન - ફીઝીની સ્મૃતિમાં બે સંચા સપ્રેમ ભેટ

વિતરણ કરવામાં આવેલ સંચાના લાભાર્થી બેનોની યાદી

(૧) મંજુલાબેન વીરજીભાઈ ઘઘડા - ભાણવડ
(૨) હંસાબેન વસરામભાઈ ધાણક - જામજોધપુર
(૩) જ્યોતિબેન સુનીલભાઈ પટ્ટ - જામખંભાળીયા
(૪) જયશ્રીબેન ચેતનભાઈ ચલા - જામનગર
(૫) આરતીબેન ધીરજલાલ ઘઘડા - જામનગર
(૬) રેણુકાબેન કિશોરભાઈ ધકાણ - જામનગર
(૭) હંસાબેન શાંતિલાલ વાચા - જામનગર
(૮) કનકબેન નંદલાલ લુહાર - જામનગર
(૯) તારાબેન રાજેન્દ્રભાઈ જગડા - જામનગર
(૧૦) મધુબેન પરસોત્તમભાઈ વાચા - બીંઝલપર

ફેડરેશનની કમીટીમાં મોવડી મંડળ

શ્રી ધીરજલાલ ગાંડાલાલ ધકાણ - જામનગર
શ્રી યોગેશભાઈ સાગર (M.L.A.) - મુંબઈ
શ્રી વલ્લભભાઈ ધોરડા - મુંબઈ
શ્રી ભુપતભાઈ ધોરડા - રાજકોટ
શ્રી હરીભાઈ એલ. ઘઘડા - આરંભડા
શ્રી વૃજલાલ ભગવાનજી ધકાણ - જુનાગઢ
શ્રી ગોવીંદભાઈ પી. ઘઘડા - નાઈરોબી

શ્રી ધકાણ સુરાપુરા દાદા ચેરીટેબલ ટ્રસ્ટ

॥ જય શ્રી કાથડ બાપા ॥ ॥ જય શ્રી મોંમાઈ માં ॥ ॥ જય શ્રી હમીરબાપા ॥

શ્રી ધકાણ સુરાપુરાદાદા ચેરીટેબલ ટ્રસ્ટ મોટાકોટડા.

ધકાણ કુટુંબને મોટા કોટડા પધારવા સ્નેહ નિમંત્રણ.

ભાદરવી અમાસ તા. ૨૫-૮-૨૦૧૪ ને સોમવારે આવે છે. ધકાણ કુટુંબનાં પુજય સુરાપુરાદાદા શ્રી કાથડબાપા તથા શ્રી હમીરબાપા નું પુજન-અર્ચન નૂતન ધ્વજારોહણ તથા થાળ ધરવાનું દર વર્ષની જેમ આ વર્ષે પણ રાખેલ છે.

આ વર્ષના મહાપ્રસાદનાં યજમાનશ્રીઓ સરસઈવાળા સ્વ. રતિલાલ કરશનભાઈ ધકાણ પરિવાર તથા શ્રી ગોવિંદભાઈ દેવદાનભાઈ ધકાણ પરિવાર તરફથી રાખેલ છે.

તો આ પાવન પ્રસંગ ઉપર દાદાશ્રીનો પ્રસાદ ગ્રહણ કરવા માટે સર્વે ધકાણ ભાઈ-બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમત્રંણ છે.

તા.ક.: અમાસનાં આગલા દિવસે તા. ૨૪-૮-૨૦૧૪ને રવિવાર નાં રાત્રી રોકાણ તથા ભોજન વ્યવસ્થા દર વર્ષની જેમ ધકાણ અતિથી ભવનમાં જ છે.

લી. ટ્રસ્ટી મંડળ

(૧)	પ્રમુખ	શ્રી હરીલાલ દેવદાનભાઈ ધકાણ
(૨)	ઉપ પ્રમુખ	શ્રી નરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ધકાણ
(૩)	મંત્રી	શ્રી પ્રભુદાસભાઈ હમીરભાઈ ધકાણ
(૪)	સહમંત્રી	શ્રી રસીકભાઈ વિઠલભાઈ ધકાણ
(૫)	ખજાનચી	શ્રી હસુભાઈ બાબુભાઈ ધકાણ
(૬)	ટ્રસ્ટી	શ્રી ભુપતભાઈ રમણીકભાઈ ધકાણ
(૭)	ટ્રસ્ટી	શ્રી કિશોરભાઈ રતીભાઈ ધકાણ ના જય માતાજી

સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ

- શ્રી દેવજીભાઈ મુળજીભાઈ વાયા 'વિદ્યાર્થી ગૃહ' (બોર્ડીંગ)
- શ્રીમતી દુધીબેન દામજીભાઈ વાયા 'હુન્નર શાળા ફંડ'
- શ્રી કલ્યાણજીભાઈ હરજીભાઈ ચલા અને શ્રીમતી શાંતાબેન કલ્યાણજી ચલા 'પરજીયા પ્રકાશ' નિભાવ ફંડ અંતર્ગત માસિક પ્રકાશન
- શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા 'મેડીકલ સહાય ફંડ'
- શ્રી દામજીભાઈ દેવજીભાઈ વાયા દ્વારા જ્ઞાતિ સમર્પિત 'શ્રી અરવિંદ હોલ'
- શ્રી દામજીભાઈ દેવજીભાઈ વાયા દ્વારા સ્વ. શ્રી નરસીભાઈ તથા સ્વ. શ્રી ગિરધરભાઈ વાયા સ્મૃતિ અર્થે જ્ઞાતિ સમર્પિત વિશાળ 'કોમ્યુનીટી હોલ'
- સ્વ. દેવકુંવરબેન છોટાલાલ દામજી વાયા દ્વારા જ્ઞાતિ સમર્પિત સ્મૃતિ હોલ
- સ્વ. શ્રી મગનભાઈ ઓધવજીભાઈ વાયા દ્વારા જ્ઞાતિ સમર્પિત 'એ.સી. સ્મૃતિ હોલ'
- સ્વ. શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા આર્થિક સહાય અને કેળવણી ફંડ દ્વારા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને 'આર્થિક સહાય'
- શ્રી જમનાદાસ શામજી ચોકસી 'પુસ્તકાલય' (વાંચનાલય)
- સ્વ. શ્રી કેશવલાલ મામૈયાભાઈ ચલા અને સ્વ. જમનાબેન કેશવલાલ ચલા 'કન્યા કેળવણી ફંડ'
- હોસ્પિટલ માં સારવાર માટે આવતાં 'જ્ઞાતિજનોને ઉતારા વ્યવસ્થા'
- સાંસ્કૃતિક કાર્યક્રમ / તહેવારો / જ્ઞાતિહિતની વિવિધ પ્રવૃતિઓનું આયોજન - ઉજવણી
- વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે 'સ્કોલરશીપ સહાય ફંડ'
- સમુહલગ્ન અને કેળવણી રીઝર્વ ફંડ દ્વારા દર વર્ષે 'સમુહ લગ્નોત્સવ' અને આદર્શ લગ્ન સ્કીમનું આયોજન

નવમો કેળવણી સમારંભ અહેવાલ, ''મીરા-ભાયંદર સંસ્થા''

શ્રી સમસ્ત પરજીયા પટણી સોની જ્ઞાતિ મંડળ મીરા-ભાયંદર દ્વારા શ્રી તેજસ્વી વિદ્યાર્થી સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું શુભ ઉદ્ઘાટન આરતી તથા દિપ પ્રાગટય અને નોટબુકોનું વિમોચન સમાજ શ્રેષ્ઠિઓને સથવારે કરવામાં આવ્યુ હતું.

સૌ ભણે સૌ આગળ વધે ''સૌને સાથ સહકાર સૌને જ્ઞાતિ પરિવાર વિદ્યા વિકાસ'' ના સુત્ર સાથે ચલો સ્કુલ ચલે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

પરજીયા સોની સમાજ નાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૨૦૧૪ નાં ૫૦૦ થી અધિક વિદ્યાર્થીઓને સ્કુલ કોલેજ બેગ નોટબુકો સ્ટેશનરી ગીફ્ટ મેડલ, શિલ્ડ, સર્ટીફીકેટ વગેરે ભેટ પરજીયા સોની સમાજનાં વરિષ્ઠ જ્ઞાતિજનો આપ્તજનો દાતાશ્રીઓ આજીવન સભ્યો તથા ટ્રસ્ટીઓ - દાન શ્રેષ્ઠિઓ - સમાજ શ્રેષ્ઠિઓ મુંબઈ દુબઈ નાં આર્થિક ધન સહયોગ થી આ કાર્યક્રમનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. ગુણવતા નાં આધાર પર વિદ્યાર્થીઓને ''ગુણ ગૌરવ પુરસ્કાર'' આપી અને ''તેજસ્વી તારલા સન્માન'' સત્કાર અભિવાદન કરવામાં આવે છે. આ કાર્યક્રમ માં ૧૨૦૦ જ્ઞાતિજનો હાજર રહ્યા હતાં અને સાંજના ચા-અલ્પાહાર- સ્વરુચિ ભોજન ની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમ માં સોની વાડી બોરીવલીનાં પ્રમુખ શ્રી વિજયભાઈ સતિકુંવર શ્રી મનહર ભાઈ જીણાંદ્રા - શ્રી કમલેશભાઈ ચોકસી શ્રી રાજેશભાઈ સતિકુંવર પાલીતાણા વાળા શ્રી પ્રકાશભાઈ પટણી, શ્રી કીશોરભાઈ સાગર, શ્રી દિલીપભાઈ સાગર, શ્રી અમુભાઈ ઘઘડા તથા વિદ્યાપક ગિલ્બર્ટ મેન્ડોસા સહિત અનેક નગર સેવકો સમાજ સેવકો એ આ કાર્યક્રમનાં મંચ પર હાજર રહી સમાજ તથા સંસ્થાનું હિત વધારેલ છે. આ સમયે આપ સૌને મનઃપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ કાર્યક્રમ : ભાયંદર વેસ્ટ શીવસેના ગલીમાં જે એચ પોદાર હાઈસ્કુલમાં તા. ૨૨-૬-૨૦૧૪ ને રવિવારે સાંજે ૫:૦૦ કલાક થી રાખેલ હતો.

લી. શ્રી સમસ્ત પરજીયા પટણી સોની જ્ઞાતિ મંડળ મીરા-ભાયંદર વતી, આર-વી-લુહાર જીરાવાળા

બે વસ્તુનો જીંદગીમાં ખ્યાલ રાખો
- જયારે એકલા હો ત્યારે વિચારો પર કાબુ રાખો.
- જયારે લોકો વચ્ચે હો ત્યારે તમારા શબ્દો માટે કાળજી લો.

જેવી રીતે એક વૃક્ષમાંથી લાખો દીવાસળી બને છે પરંતુ એક દીવાસળી પુરા જંગલનો નાશ કરી શકે એજ રીતે એક નકારાત્મક વિચાર હજારો સપનાઓને રોળી શકે છે.

વિશ્વાસ એવો શબ્દ છે કે જેને વાંચવા માટે સેકંડ લાગે છે, વિચારવા માટે મિનિટ લાગે છે, સમજવા માટે દિવસ લાગે છે અને સાબિત કરવા માટે પુરી જીંદગી લાગે છે.

સ્મરણાંજલિ

આપણાં સમાજના ઉના (જી. જુનાગઢ) જ્ઞાતિ વાડી (સુવર્ણ ત્યાગ) ના પાયાના પથ્થર એવા શ્રી આપાભાઈ મુળુભાઈ લુહાર ઉ.વ. ૯૨, ઉના (સીમરણ-જીરાવાળા) નો તા. ૩૦-૬-૨૦૧૪ ના સુરત મુકામે સ્વર્ગવાસ થયો, તેને શ્રધ્ધાંજલી ના બે પૂષ્પો

કરવા વાડી ઉના તણી, લાગી લગની મનમાય,
તેહિંથી નિમ લીધું, વાડી કરી ચિરમું ઉના તણી.

ઉપાડયું કામ વાડી તણું, બની પથ્થર પાયાનો,
હિંમત કરી પૂરૂં કર્યું, માંગીને ભીખ સમાજની.

વેણકવેણ સહ્યા, બસ એકજ વાડી કાજ,
નાચ્યા નચાવ્યા, બસ એક જ વાડી કાજ.

હરખતે હૈયે પોરસાઈ, દ્હે વાડી મારી-મારી,
પાછળથી સમજાય, ઈ મોડે મોડે માનવી.

રાત-દિન જોયા, સહ્યા વેણ કવેણ,
(પણ) હૈયેરાખી હામ, પૂરી કરી આરા પોતાતણી.

ધન્ય ધન્ય સપૂત મુળુતણા, આપા એ અપાવ્યા દાન,
વાડી પણ ''સુવર્ણ બાગ'' બનાવી, રહેશે કાયમ એનું નામ.

- કિશોર ધકાણ ''માલણતીરે'' સુરત

- જીરાવાલાને - ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ - સમાજ સેવકને સ્મરણાજલિ -
- સુવર્ણબાગ નાં શિલ્પકાર, સોની વાડી ઉના નાં સંસ્થાપક -

પરજીયા પટણી સોની આપાભાઈ મુળુભાઈ લુહાર જીરાવાળા જન્મ ભૂમિ : જીરા-સીમરણઃ કર્મભૂમિઃ જીરા, ઉના-ફાટસર-ગીર, ઉ.વ. ૯૨, વૈકુંઠવાસઃ ૨૯-૬-૨૦૧૪ રવિવાર-સુરત

જીવનયાત્રા, સ્મરણાંજલિ - દરિયા જેવું દિલ હતું હિમાલય જેવું હાસ્ય, સુર્ય જેવો પ્રભાવ હતો ને તારલા જેવું જીવન.

ગુમાવ્યુ છે શિર છત્ર સ્પંદન અને ધબકાર મઢાઈ ગઈ તમ સ્મૃતિ અંતરે સદાય, પ્રાર્થીએ પ્રભુને જન્મો જન્મ દેજો તવ છાયા સદાય.

ભલે આજે આ મહાન વિભૂતિ નો નશ્વરદેહ વિલીન થઈ ગયો... પરંતુ તેઓના અગણિત સદકાર્યો થકી આ કર્મવિર કાર્ય સમ્રાટ કર્મ પુરૂષ અને ધર્મ પુરૂષ હંમેશા સમાજ સાથે ચિરંજીવ રહેશે જ તેઓનાં સખાવતી વ્યકિતત્વ ને કોટી કોટી વંદન...

પરમ કૃપાળુ પરમાત્મા આ પર દુઃખ ભંજન આત્માને ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના સાથે શ્રધ્ધાં ના સૂમન અર્પણ.

ૐ શાંતિ ! શાંતિ !! શાંતિ !!!

ભવદિય : શોકમગ્ન સ્મરણાર્થે.
શ્રી સમસ્ત પરજીયા પટણી સોની જ્ઞાતિ મંડળ મીરા-ભાયંદર
શ્રી હિંગળાજ માતાજી સેવક મંડળ મીરા-ભાયંદર-શ્રી પરજીયા સોની યુવક મંડળ
ભવદિય : આપની સમૃતિ માં શ્રી રમેશભાઈ વલ્લભભાઈ લુહાર જીરાવાળા
- હાલ મીરા-ભાયંદર મુંબઈ -

સોળમાં ધામ પ્રસંગે દ્વારકાધીસજીને મંદીરે નુતન ધ્વજા

મુંળગામ રાણાખીરસરા વાળા હાલ દ્વારકા નીવાસી સ્વ. મગનલાલ પિઠલજી ધાણક તા. ૨૨-૬-૨૦૧૪ના રોજ અક્ષરવાસ થયા છે તેમના સોલમાંધામ તા. ૯-૭-૨૦૧૪ના રોજ દ્વારકા સોની વાડીમાં રાખેલ સોલમાં ધામ પ્રસંગે દ્વારકાધીસ મંદીરે નુતન ધ્વજાજી ચળાવેલ તથા રાત્રે વાડીમાં પ્રભુપ્રસાદી તથા કાનગોપી મલ્યા તથા યમુનાજીની લોટી ઉત્સવ કરી માળા પેરામણી વખતે સૌને લાણી આપેલ અને આ પ્રસંગે દ્વારકા વાડીને રૂા. ૫૧૦૦૦/- અંકે રૂપીયા એકાવંન હજાર વાળીના નીભાવ ફંડમાં આપેલ.

હ. સ્વ. લીલાવંતીબેન મગનલાલ ધાણક
સ્વ. ગોરધનભાઈ વીઠલદાસ ધાણક
શ્રી મોહનભાઈ વીઠલજી ધાણક
શ્રી નીતીન ગોરધનભાઈ ધાણક
શ્રી અક્ષ્ય ગોરધનભાઈ ધાણક
શ્રી નલીન ગોરધનભાઈ ધાણક
શ્રી અભીસેક મોહનભાઈ ધાણક
શ્રી અસ્વીનભાઈ અમરસીભાઈ ધાણક

તો આ સૌપરીવારનો દ્વારકા સોની વાડી, ટ્રસ્ટી મંડળ અંતકરણથી આભાર માને છે.

સ્મૃતિ ભેટ



દાઠા નિવાસી હાલ મુંબઈ અશોકભાઈ ગોકુલદાસ સુરૂ (ઉ.વ.૫૬) તા. ૧૩-૭-૨૦૧૪ અષાડ વદ-૧ ને રવિવારના રોજ શ્રીજી ચશ્રણ પામેલ છે તેમની ઉત્તરક્રિયા નિમિતે મેડીકલ સહાયમાં નીચે મુજબ સ્મૃતિ ભેટ મળેલ છે.

રૂા. ૫૦૦૧/- જામનગર કેળવણી મંડળને
રૂા. ૫૦૦૧/- રાજકોટ મહામંડળને
રૂા. ૫૦૦૧/- સોની વાડી દ્વારકાને

હ. ગીતાબેન અશોકભાઈ સુરૂ, શ્રી જયકુમાર અશોકભાઈ સુરૂ, શ્રી પરેશભાઈ ગોકુલદાસ સુરૂ

સ્મૃતિ ભેટ

સ્વ. સોની આપાભાઈ મુળુભાઈ લુહાર (જીરા, સીમરણવાળા) તા. ૨૯-૬-૨૦૧૪ ના રોજ શ્રીજી ચરણ પામતા હાલ ઉના તેમની ઉત્તર ક્રીયા તા. ૧૦-૭-૨૦૧૪ ચાંદોટ (જી. ભરૂચ)રાખેલ તેમના સ્મરણાર્થે જામનગર સોની વાડીને ભેટ રૂા. ૧૫૦૦/-

સોની હિંમતભાઈ આપાભાઈ લુહાર	મો. ૭૬૦૦૨ ૫૮૪૧૧
સોની ભરતભાઈ આપાભાઈ લુહાર	મો. ૭૫૬૭૪ ૩૯૩૮૨
સોની સુરેશભાઈ આપાભાઈ લુહાર	

અવસાન નોંધ

શારજાહ : પરસોત્તમ મામૈયાભાઈ જગડા (ઉ.વ.૮૦) તે નરેન્દ્રભાઈ, મુકેશભાઈ, પ્રફુલ્લભાઈ, પ્રમોદભાઈ, સંજયભાઈ અને પુનીતભાઈના પિતાશ્રીનું તા. ૧૪-૭-૨૦૧૪ ના રોજ અવસાન થયેલ છે.

હિંદુ ફોરમ ઓફ બ્રીટનના સેક્રેટરી જનરલ પદ
શ્રી રમેશભાઈ દામજીભાઈ વાયાની નિમણુંક

૨૯-૬-૨૦૧૪ના રોજ લંડન ખાતે મળેલી હિંદુ ફોરમ ઓફ બ્રીટનની સાધારણ સભામાં શ્રી રમેશભાઈ દામજીભાઈ વાયાની સેક્રેટરી જનરલ પદે નિયુકિત થઈ છે જે આપણી જ્ઞાતિ માટે ગૌરવરૂપ અને આનંદના સમાચાર છે. શ્રી રમેશભાઈ આપણા સમાજના વડીલ અને દાતાશ્રી દામજીભાઈ દેવજીભાઈ વાયાના સુપુત્ર છે.

શ્રી રમેશભાઈ ગીતા, હિંદુ ફીલોસોફી યોગ જેવા વિવિધ વિષયોનું ઊંડુ જ્ઞાન ધરાવે છે અને આ સંસ્થા સાથે ઘણાં વર્ષોથી જોડાયેલા છે અને જુદી જુદી કમીટી/પ્રોજેકટસમાં તેમણે પોતાની સેવા આપી છે તે ઈન્ટરફેઈથ સંસ્થા, ચિન્મય મિશન જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને વિશ્વવિખ્યાત ઓકસફોર્ડ યુનીવર્સીટીમાં તેમણે ડોકટરેટ ની ડીગ્રી પુર્ણ કરેલ છે અને ત્યાં હિંદુ ફીલોસોફી વિષે લેકચર્સ આપે છે.

શ્રી રમેશભાઈને તેમની આ નવી નિમણુંક બદલ અને પ્રગતિના નવા શિખરો સરકરી જ્ઞાતિ, કુટુંબનું નામ રોશન કરે અને હિંદુ ધર્મને વિશ્વ લેવલે ઊંચું સ્થાન પ્રાપ્ત કરાવે તેવી શુભેચ્છા.

સંસ્થા તરફથી શ્રી રમેશભાઈને મેઈલથી અભિનંદન પાઠવ્યા ત્યારે શ્રી રમેશભાઈએ તેમના પિતાશ્રી સ્વ. શ્રી દામજીભાઈની પ્રણાલિકા અનુસરવાનો જ એક પ્રયાસ છે અને જનસેવા એ જ જર્નાદન સેવા છે એવો મત વ્યકત કર્યો.

દાતા પરિવાર અને સંસ્થા સાથે સંકળાયેલા શ્રી રમેશભાઈ પટણીની પ્રગતિ બદલ આપણે સૌને ગૌરવ છે.

– કાંતિભાઈ ઘઘડા

સોની જ્ઞાતિ નું ગૌરવ

રાજકોટ નાં શ્રી જયેશભાઈ હિરાલાલ જગડા નાં સુપુત્ર ચિ.સન્ની એ ત્રીજા સેમેસ્ટર માં B.Tech (Mechanical) નાં સેકન્ડ ચરમાં 97.17% મેળવેલ છે. અને દર વર્ષની જેમ આ વર્ષે પણ 90% ઉપરાંત માર્કસ મેળવ્યા છે. ચિ.સન્ની જગડા ભારતની ટોપ ટેન યુનિવર્સીટીમાં ગણાતી અતિ પ્રતિષ્ઠિત SRM University - ચેન્નાઈ (મદ્રાસ) ખાતે અભ્યાસ કરે છે. આજ રીતે તે આપણી જ્ઞાતિનું ગૌરવ વધારતાં રહે એવી હાર્દિક શુભેચ્છાઓ.....

વેવિશાળ ભેટ

રૂા. ૫૦૧/- શ્રી અરવિંદભાઈ ડાયાલાલ સાગર (મહુવા વાળા) ના પુત્ર નિલેશભાઈ ની સુપુત્રી ચિ. રીધ્ધીના વેવીશાળ સોની છગનભાઈ જીવાભાઈ ચલ્લા (મોટા દડવાવાળા) (હાલ બોરીવલી)ના પુત્ર પ્રફુલભાઈના સુપુત્ર ચિ. ચીરાગ સાથે તા. ૧૨-૫-૨૦૧૪,ને સોમવારના રોજ થયા તે પ્રસંગે સંસ્થાને ભેટ.

હસ્તે – નિલેશભાઈ અરવિંદભાઈ સાગર

બધા વ્યકિતની જીંદગીમાં કેટલાક જ સાચા લોકો હોય છે
બાકી તો બધા દુનિયાની ભીડના ભાગરૂપે હોય છે

જ્ઞાતિ ગૌરવ લાયન્સ કલબના પ્રમુખપદે શ્રી મનોજભાઈ વાયા(નાઈરોબી)

શ્રી મનોજભાઈ દુર્લભજીભાઈ વાયા હાલમા જ લાયન્સ કલબ ઓફ નાઈરોબી હુરૂના પ્રથમ નવનિયુકત પ્રમુખપદે પસંદગી પામેલ છે, ૧૯-૦૭-૨૦૧૪ ના દિવસે લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા નવી કલબ શરૂ કરવામાં આવી છે જેમાં શ્રી મનોજભાઈની વરણી થયેલ છે તે જ્ઞાતિ માટે ગૌરવ અને આનંદની વાત છે શ્રી મનોજભાઈ વાયા ૧૨ વર્ષથી આંખની તકલીફ હોવાથી અંધજન હોવા છતાં જ્ઞાતિમાં પટણી બ્રધરહુડ અને અન્ય સંસ્થાઓમાં સક્રિય છે તેઓ ઓટોમોબાઈલ એંજીનીયર છે પણ હાલમાં સુવર્ણકારના વ્યવસાયમાં કાર્યરત છે, નવી લાયન્સ કલબમાં પણ ૬૦% સભ્યો શ્રી મનોજભાઈની સાથે એવા જોડાયેલા છે કે જેઓને પણ દ્રષ્ટિમાં ખામી હોય.

શ્રી મનોજભાઈની ઈચ્છા છે કે લાયન્સ કલબના બેનર નીચે તેઓ શારિરીક ખામીઓ વાળા નાગરિકો માટે કાંઈક કરવા માગે છે એ જ રીતે શિક્ષણ માટે પણ નવી ટેકનોલોજી વડે શિક્ષણને વધુ અસરકારક બનાવવા માગે છે આ ઉપરાંત શારીરિક વિકલાંગ વ્યકિતઓને જોબ અને વ્યવસાયમાં મદદરૂપ બનવા માગે છે.

લાયન્સ કલબના ઉદ્દેશો ખુબ જ વિશાળ છે અને દુનિયાભરમાં આ કલબ દ્વારા ઘણી સેવા/કેમ્પ વિગેરે થતાં જ રહે છે. આવી સેવાકીય પ્રવૃતિ સાથે જોડાઈ સેવાને વધુ વિસ્તૃત કરવા જઈ રહેલા શ્રી મનોજભાઈ વાયાને પ્રમુખ સ્થાન બદલ અભિનંદન અને હજી વધુને વધુ સેવા કાર્યના ક્ષેત્રોમાં પ્રગતિ કરતાં રહે એવી શુભેચ્છા.

- ટ્રસ્ટી મંડળ

સીમંત પ્રસંગે ભેટ

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અને દ્વારકા વાડીના ટ્રસ્ટીશ્રી નરેન્દ્રભાઈ રૂગનાથભાઈ ઘકાણના સુપુત્ર ચિ. પુનીતકુમાર ના ધર્મપત્ની ચિ. અર્પિતાનો સીમંત પ્રસંગ તા. ૧૦-૦૮-૨૦૧૪ના રોજ સંપન્ન થયો તે પ્રસંગે બંને વેવાઈ શ્રી નરેન્દ્રભાઈ ઘકાણ અને શ્રી ગીરધરભાઈ મંગલદાસ વાયા - રાણવાળા - હાલ જામખંભાળીયા વાળા તરફથી આ શુભ પ્રસંગની યાદી રૂપે સંસ્થાની ઓફીસ માટે સોફા સેટ-૧ (સોફા અને બે ખુરશી સેટ)ભેટ મળેલ છે પોતાના શુભ પ્રસંગમાં આ રીતે સંસ્થાને ઉપયોગી ઓફિસ ફર્નીચરની ભેટ આપીને બંને વેવાઈઓએ પ્રશંસનીય ઉદાહરણ પુરૂ પાડયું છે. શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી ગિરધરભાઈને ધન્યવાદ સાથે શુભેચ્છા.

- ટ્રસ્ટી મંડળ

લોકોની મોટાભાગની ફરિયાદોનું એમજ સમાધાન થઈ જાય
અગર લોકો એકબીજાના બારામાં બોલવાને બદલે
એકબીજા સાથે બોલવાનું શરૂ કરી દે.

સાચી સુંદરતા જોઈ શકાતી નથી પણ અનુભવી શકાય છે.

સંસ્થાને રકમ મોકલવા માટે

સંસ્થામાં ભેટ કે જાહેરાતની રકમ મોકલવા માગતા જ્ઞાતિજનોને સુચના છે કે સંસ્થાના ખાતા નંબરની વિગત નીચે મુજબ છે.

બેંકનું નામ – બેંક ઓફ ઈન્ડીયા, જામનગર શાખા

ખાતા નં. – ૩૨૫૦૧૧૦૦૦૨૬૮૪૦

ખાતાનું નામ – શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ

બેંક ઓફ ઈન્ડીયાની કોઈપણ શાખામાંથી ઉપરના ખાતા નંબર અને સંસ્થાનું નામ લખી રકમ ભરી શકાશે અને રકમ ભરવા માટે કોઈપણ ચાર્જ નથી.

- રકમ ભર્યાની સંસ્થાને જાણ કરવાથી પહોંચ મોકલી આપવામાં આવશે
- આ સુવિધાનો લાભ લેવા વિનંતી છે.

- ટ્રસ્ટી મંડળ

જય સુરાપુરા દાદા　　શ્રી મોમાઈ માં　　શ્રી નાથજી સત્ય છે

સોની મેરેજ બ્યુરો

રાજકોટ

ગીતાબેન આર. સોની
મો. ૯૩૭૭૨ ૨૨૩૬૫

રૂબરૂ મુલાકાત માટે
રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી

ખાસ નોંધ : મુલાકાતના સમયે જ મળવા આવવું, કોઈપણ સભ્ય સમય પહેલા કે પુરો થયા પછી આવશે તો તેમને મળી શકાશે નહીં.

''પરજીયા પ્રકાશ'' ના જાહેરાતના દર (ચાર્જ)

સમસ્ત પરજીયા સોની જ્ઞાતિ સમાજનું મુખપત્ર 'પરજીયા પ્રકાશ' જે દર માસે દેશ વિદેશમાં ફેલાવો ધરાવતું મેગેઝીનનાં વર્ષ ૨૦૧૩–૧૪ માં જાહેરાતના દર (ચાર્જ) તા. ૦૧.૦૪.૨૦૧૨ થી અમલી નીચે મુજબ રહેશે.

વિગત	માસિક	છ માસિક	વાર્ષિક
અંદરનું પુરૂ આખુ પાનું	રૂા. ૫૦૦/-	રૂા. ૨૫૦૦/-	રૂા. ૫૦૦૦/-
અંદરનું અડધું પાનું	રૂા. ૨૫૦/-	રૂા. ૧૨૫૦/-	રૂા. ૨૫૦૦/-

ઘેર બેઠા આપના ધંધાની બહોળી પ્રસિધ્ધી માટે સત્વરે સંસ્થાનો સંપર્ક કરી આપની જાહેરાત મોકલાવો.

– ટ્રસ્ટી મંડળ, જામનગર

SONI

Soni Dies Makers

Manufacturers & Exporters of All Kinds of
Jewellery Making Machineries, Dies & Diamond Tools

Since Last 30 Years

Soni Dies Makers

7-1, Shivalaya Apartment, Opp. MCF Sport Club
Mandpehwar Gymkhana Road,
BORIWALI (West) MUMBAI - 400 092 INDIA

V 0091-22 65704084 / 2890 2668 / 2891 9959
Fax : 0091 - 22 - 2891 3654
E-mail : soniexp@vsnl.com Web Site : www.sonidies.com

જીવન એક નોટબુક જેવું છે જેના બે પેઈજ ભગવાને લખેલા છે
પહેલું પેઈજ જન્મ અને છેલ્લું પેઈજ મૃત્યુ વચ્ચેના
ખાલી પેઈજમાં સ્મિત અને પ્રેમની વાતો લખી ખાલી નોટબુક ભરી દઈએ.

Plan Your Holidays with

DREAM Tours & Travels

Travelmart HOLIDAYS

Visa | Passport | Air Ticket | Domestic & International Tours | Railway E-Ticket | Hotel Booking

FAR EAST HOLIDAYS
SINGAPORE | MALAYSIA | THAILAND

BEACH POINT HOLIDAYS
MAURITIUS | MALDIVES | BALI | SRILANKA

CHINA HOLIDAYS
HONGKONG | MACAU | SHENZHEN | BEIJING | SHANGHAI | XIAN

EGYPT | DUBAI

Incredible INDIA

HIMACHAL | KERALA | RAJASTHAN
KASHMIR | GUJARAT | GOA

RAJKOT

DREAM Tours & Travels

JIGNESH GHAGHDA
98791 38231

322-RAJ PLAZA, NR. PREMJI VALJI JEWELLERS,
PALACE ROAD, RAJKOT-02 PH.2231038 , 3054214
FAX 2231038 E-MAIL: dreamtours@live.com

JAMNAGAR

Travelmart HOLIDAYS

MEHUL DHAKAN
81280 07777

221 - MADHAV PLAZA,
OPP. SBI BANK, LAL BUNGLOW, JAMNAGAR - 361001
EMAIL - travelmart@live.com
PH. - 0288 2661001

અશ્વીનભાઈ સાગર -
કુંતલભાઈ સાગર -

ફોન નં. ૨૪૨૯૨૫/૨૪૨૩૪૧
મો.નં. ૯૪૨૬૪૩૭૯૬૫
૯૪૨૬૨૧૪૧૭૧

ફ્લોટેક

સબમર્સીબલ પમ્પસેટ

સાગર મશીનરી સ્ટોર્સ

ઓર્થો. ડીલર : ફ્લોટેક સબમર્સીબલ પમ્પસેટ

શોપ નં. ૧/૨, રિધ્ધિ સિધ્ધિ માર્કેટ, નાગરીક બેંક નીચે,
સાવરકુંડલા - ૩૬૪ ૫૧૫

EXPORT - IMPORT

આપના એક્ષપોર્ટ – ઈમ્પોર્ટ ના કામકાજ માટે મળો.

We are Merchant Exporter,
We can export any items.

આપની જરૂરીયાત માટે સંપર્ક કરો.

H. VARIA

M/s. PRECIOUS EXPORT CORPORATION

'Shree Vallabh' Opp. Mandvi Tower, Nr. Central Bank Road.
Jamnagar. 361 001. Gujarat – (India) Mo. +91 9228219060, Phone : +91-288- 2550999
Email : preciousexport@hotmail.com ♦ Web : www.preciousexport.com

सत्यमेव जयते

AVADH TIMES DAILY

અમરેલી અને ગાંધીનગર થી પ્રસિધ્ધ થતું

અવધ ટાઈમ્સ

દૈનિક

ગુજરાતનું અગ્રગણ્ય
મોર્નીંગ ન્યુઝ પેપર

ભરતભાઈ ડી. ચૌહાણ (ધોરડા)
તંત્રી, મુદ્રક, માલિક, પ્રકાશક
મો : ૯૮૨૫૨ ૩૫૫૧૧

વિજયભાઈ ડી. ચૌહાણ (ધોરડા)
સહમંત્રી
મો : ૯૮૨૫૨ ૩૫૨૮૪

ગામડે ગામડે સોધો સંપર્ક
જીવંત પ્રસારણ
સૌથી વધુ દર્શકો ધરાવતી ન્યુઝ ચેનલ

અવધ ન્યુઝ

ચેનલ

એક કદમ આગે....

રોમીલ બી. ચૌહાણ (ધોરડા)
ચીફ ન્યુઝ એડીટર
મો : ૯૪૨૮૦ ૪૦૪૦૧

અવધ ટાઈમ્સ ગ્રુપ

હેડ પોસ્ટ ઓફીસ સામે,

ગીરધરભાઈ સંગ્રહાલય શોપીંગ સેન્ટર, અમરેલી

ફોન : (૦૨૭૯૨) ૨૨૩૮૯૬ - ૨૨૪૮૯૬ - ૨૨૪૯૪૭ - ૨૩૨૪૯૯ - ૨૨૪૧૧૫

ફેક્સ - ૨૨૦૧૫૫ વેબસાઈટ - www.avadhtimes.net

Email : avadhtimes1@rediffmail.com

avadhtimes@gmail.com

AVADH TIMES
GROUP

સિલાઈ મશીન વિતરણ સમારોહ – જામનગર
પ્રાસંગિક પ્રવચન

શ્રી નગીનભાઈ જગડા

શ્રી ધીરૂભાઈ ઘકાણ

શ્રીમતી પુષ્પાબેન ઘઘડા

શ્રીમતી જ્યોતીબેન પટ્ટ

શ્રીમતી દક્ષાબેન પટણી

શ્રી નગીનભાઈ જગડા

સ્વાગત પ્રવચન – શ્રી કાંતીભાઈ ઘઘડા

લાયન્સ કલબ ઓફ નાઈરોબી – હુરુના પ્રેસીડેન્ટ તરીકે શ્રી મનોજભાઈ વાયાની નિમણુંક

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2012 - 14
RNI NO. GUJGUJ / 2009 / 29139 કુલ પેઈજ : ૨૪
શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત મુખપત્ર



Book Post

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2012 - 14
RNI NO. GUJGUJ / 2009 / 29139

To,

■ Editor / Printer / Publisher :
Dhirajlal G. Dhakan

■ Published From :
Parajiya Prakash karyalay
Shree Samast Parajiya Soni Kelvani Mandal
Rajputpara, Nr. Lal Bunglow Circle, Jamnagar - Gujarat

■ Owner :
Shree Samast Parajiya Soni Kelvani Mandal

■ Printed at :
Shree Ganesh Card
G-30, Ground Floor, Madhav Darshan Complex,
Lal Bunglow Road, Jamnagar Mob. : 94281 58856

From : PARAJIYA PRAKASH
C/o Shri Samast Parajiya Soni Kelavani Mandal
2, Rajputpara, Jamnagar ,1. Ph.:(0288) 2678097/2541555
E-mail : parajiyaprakash@yahoo.co.in